

# બાયડના સૈયદવાડામાં લોકડાઉનના અમલ મામલે ઘર્ષણ, ૧૧ આરોપીઓને પાસા હેઠળ સળિયા પાછળ ધકેલાયા

ગુજરાતમાં કોરોનાના ૨૨૭૨ કેસથી વધુ લોકો સંક્રમિત બન્યા છે કોરોના પોઝિટિવ કેસોની સંખ્યા વધતાં તંત્ર દ્વારા કડક તપાસ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. અરવલ્લી જીલ્લામાં લોકડાઉનની અમલવારી માટે સતત રાઉન્ડ ધી ક્લોક પેટ્રોલિંગ સાથે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો ત્યારે થોડા સમય અગાઉ બાયડ પોલીસ પેટ્રોલિંગ દરમિયાન સૈયદવાડા વિસ્તારમાં ટોળેવળી બેઠેલા યુવકો અને પોલીસ વચ્ચે બોલાચાલી પછી સ્થાનિકો અને પોલીસ વચ્ચે ઘર્ષણની સ્થિતિ પેદા થતા મામલો બિચક્યો હતો અને ૧૩ લોકો સામે નામજોગ અને ટોળા સામે બાયડ પોલીસે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી ૧૩ આરોપીઓ માંથી ૧૧ આરોપીઓ સામે પોલીસતંત્રએ પાસા હેઠળ કામગીરી હાથધરી હતી.



## વાંકાનેર ગામના સેવાભાવી કાર્યકરો ધ્વારા શ્રમજીવીઓને ભોજન અપાયું

કોરોના વાયરસની વૈશ્વિક મહામારી દરમ્યાન ભારત દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ધ્વારા સલામતીના ભાગરૂપે લૉકડાઉન પાર્ટ - ૨ ને ૩ મે સુધી લંબાવાયું છે. ધંધા-રોજગાર ઠપ્પ થઈ ગયા હોઈ શ્રમજીવી પરીવારોની હાલત અત્યંત દયનીય છે. વાંકાનેર ગામના સેવાભાવી કાર્યકરો,દાતાઓના સહયોગ ધ્વારા શ્રમજીવી પરીવારોના ઘરે ઘરે ભોજન દરરોજ આપી રહ્યા છે. વાંકાનેર ગામના સેવાભાવી કાર્યકરો, દાતાઓના વિશેષ સહયોગથી શુધ્ધ,સાંત્વિક,પૌષ્ટીક ભોજન આપી સેવાકીય કાર્યો કરી રહ્યા છે. જન સેવા એ જ પ્રભુ સેવાનું સુત્ર સાર્થક થઈ રહ્યું છે. માનવતા મરી પરવારી નથી જ્યાં જરૂર હોય ત્યાં કરીયાણાની કીટો પણ સેવાભાવી કાર્યકરો રામ ભરોસે પહોંચાડી રહ્યા છે.સેવાભાવી કાર્યકરો છેલ્લા એક મહિનાથી તન, મન, ધનથી ઉત્સાહપુર્વક સેવાકીય કાર્યો કરી રહ્યા છે.

# પાલનપુરમાં લોકડાઉન વચ્ચે ગાયનેક તબીબે માનવતા નેવે મૂકી

### ગઠામણ ગામની પ્રસુતા મહિલાને ડિલિવરી કરવાની ના પાડી દેતાં સિવિલ હોસ્પિટલમાં લઈ જવી પડી

પાલનપુર

પાલનપુર તાલુકાનું ગઠામણ ગામ હાલમાં કોરોનાનું એપી સેન્ટર બન્યું છે. ત્યારે ગઠામણ ગામની એક મહિલાને પ્રસૂતાની પીડા ઉપડતા તેને પાલનપુરના ખાનગી હોસ્પિટલમાં જે દવાખાને દવા ચાલતી હતી. તે દવાખાને લઈ જવામાં આવી હતી. જો કે મહિલા ગઠામણ ગામની હોવાનું જણાવતા તબીબે મહિલાનો કેસ લેવાની ના પાડી દિધો હોવાનુ અને મહિલાને મધ રાત્રીએ પાલનપુરની સિવિલ હોસ્પિટલમાં લઇ જઇ ત્યાં ડિલિવરી કરાવવાની ફરજ પડી હતી.

બનાસકાંઠા જિલ્લા સહિત રાજ્યભરમાં હાલમાં કોરોના વાઈરસની મહા મારીને પગલે લોકડાઉન ચાલી રહ્યું છે. જેમાં પાલનપુર શહેરના નજીક આવેલા ગઠામણ ગામમાં કોરોના પોઝિટિવ કેસોની સંખ્યામાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે. ત્યારે આવી કપરી પરિસ્થિતિ વચ્ચે પાલનપુર તાલુકાના ગઠામણ ગામની એક મહિલાને પ્રસૂતિની પીડા ઉપડતાં તેને પાલનપુરની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં આ મહિલાની દવા ચાલતી હોવા છતાં તબીબે મહિલા ગઠામણ ગામની હોવાથી સારવારની સ્પષ્ટના પાડી દીધી હોવાનુ અને મહિલાનો કેસ લેવાની ના પાડતાં અંતે મધરાત્રિએ આ મહિલાને પ્રસૂતિ માટે પાલનપુરની સિવિલ હોસ્પિટલમાં લઇ જવાની ફરજ પડી હતી. જ્યાં મહિલાએ સ્વસ્થ્ય બાળકીને જન્મ આપ્યો હતો. ઉલ્લેખનીય છે કે પાલનપુર શહેરમાં કેટલાક ખાનગી તબીબો હાલમાં લોકોની પરિસ્થિતિમાં પણ ગરીબ લોકો સાથે માનવતા નેવે મુકી લેતા હોય છે ત્યારે ઉપરોક્ત કિસ્સો ખાનગી હોસ્પિટલોમાં દવા કરાવી ઉઘાડી લૂંટ ચલાવતા તબીબોનો શિકાર બનતા લોકો માટે લાલબત્તી સમાન છે.

# ધાનેરામાં ગુટકા અને તમાકુની કાળાબજારી વધી ૧૩૫ રૂપિયાની ગુટખા ૫૦૦ થી ૬૦૦ રૂપિયાના ભાવે વેચાઈ રહી છે

ધાનેરા, તા. ૨૨

અત્યારે કોરોનાવાયરસને લઈ સમગ્ર દેશ લોકડાઉંન છે તો લોકોને કોઈ તકલીફ ન પડે તે માટે જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ વાળી દુકાન ખુલ્લી રાખવા માટે સરકારે આદેશ કર્યા ત્યારે બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં કેટલાક વેપારીઓની કાળાબજારી કરી રહ્યા છે અને સોથી સવાસો રૂપિયા ની ગુટખા હતી તે ગુટકા ૫૦૦થી ૬૦૦ રૂપિયાના ભાવે વેચાઈ રહી છે. કેટલાક વેપારીઓ ગોડાઉનમાં સંગ્રહ કરી રહ્યા છે તો કેટલાક વેપારીઓ ગુટકા પોતાના ઘરે લઈને સંગ્રહ કરે છે અને વહેલી સવારે પાંચ વાગ્યાથી જ વેપાર શરૂ કરે છે ત્યારે આવા વેપારીઓ સામે ધાનેરાનું સ્થાનિકતંત્ર લાલ આંખ કરે તેવી લોકમાંગ ઉઠવા પામી છે. અત્યારે વાત કરવામાં આવે તો ધાનેરા ગંજ રોડ પર આવેલા અંબિકા શોપિંગમાં એક વેપારી પોતાના ગોડાઉન ખોલી ગુટકા વેચે રહ્યો હતો ત્યારે અમારી ટીમ દ્વારા સમગ્ર ઘટના કેમેરામાં કેદ કરતા વેપારી ગુટકાનો થેલો બાજુની દુકાનમાં નાખી નાસી ગયો હતો સમગ્ર ઘટનાને લઇ અમારી ટીમ દ્વારા સ્થાનિકતંત્રને જાણ કરતા નગરપાલિકાની ટીમ ઘટનાસ્થળે આવી હતી અને તમાકુ જપ્ત કરી વેપારીની શોધખોળ હાથ ધરી છે ત્યારે લોકમુખે એવું પણ જાણવા મળ્યું છે કે આ વેપારીના ધાનેરામાં ૬ ગોડાઉન છે અને તમામ ગોડાઉન ગુટકા તમાકુ બીડી સિગરેટના ભરેલા છે અને વહેલી સવારે ૪ વાગ્યાથી આ વેપારી ગુટકા અને તમાકુનું વેચાણ ચાલુ કરે છે અને તે પણ ખૂબ જ ઊંચા ભાવે ત્યારે ધાનેરાના લોકોની માંગ છે કે ધાનેરાનું સ્થાનિક તંત્ર આવા વેપારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરે.




# પ્રાંતિજ ખાતે સર્જન ફાઉન્ડેશન સંસ્થા દ્વારા માસ્ક બનાવીને જરૂરીયાત લોકોને વિતરણ કરવામાં આવ્યા

પ્રાંતિજ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે કાર્યરત સર્જન ફાઉન્ડેશન દ્વારા પોતાના સહ ખર્ચે માસ્ક બનાવી જરૂરીયાત લોકોને વિતરણ કરવામાં આવ્યા હતા.

પ્રાંતિજ ખાતે કાર્યરત સર્જન ફાઉન્ડેશન સંસ્થા દ્વારા હાલમાં ચાલી રહેલ કોરોનાની મહામારીને લઈને લોકડાઉનના સમયગાળામાં બહેનોને રોજગારી મળે તે માટે સર્જન ફાઉન્ડેશન સંસ્થા દ્વારા પોતાની સંસ્થાની અંદર બહેનો દ્વારા માસ્ક બનાવવામાં આવ્યાં હતા. ૫૦૦૦થી પણ વધારે માસ્ક બનાવીને સર્જન ફાઉન્ડેશન સંસ્થાના પ્રોજેકટ ઓફિસર અશોકભાઈ પરમાર દ્વારા પ્રાંતિજ સહિત વિવિધ વિસ્તારોમાં તથા ગામડાઓમાં મહેલ્લાઓ, પોળો બજારોમાં લારી ગલ્લાવાળા જરૂરીયાત લોકોને માસ્ક આપ્યા હતા. પ્રાંતિજના ભાખરીયા બસસ્ટેન્ડ તથા બેંકો આગળ જાતે જઈને જરૂરીયાતમંદોને માસ્ક આપ્યા હતા. આ તેમની સેવા એ ખરેખર માનવ સેવા પ્રભુ સેવા કહીએ તો પણ નવાઇ નહી.



**ઘરમાં રહો સુરક્ષિત રહો**



## પ્રાંતિજ પ્રાંન્ત અધિકારીને અન્ય જિલ્લાઓના મજૂરોને ઘરે પરત મોકલી આપવા માટે રજુઆતો કરાઈ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પૂર્વ ધારાસભ્ય સહિત તાલુકા પ્રમુખ અને જિલ્લા સદસ્ય તથા સરપંચોએ ખેતી કામ માટે આવેલા મજુરોને પોતાના ઘરે મોકલી આપવા માટે પ્રાંતિજ-તલોદના પ્રાંન્ત અધિકારી તથા પ્રાંતિજ મામલતદારને લેખિતમાં રજુઆતો કરી હતી. હાલ કોરોનાની મહામારી વચ્ચે દેશ ભરમાં લોકડાઉનને બહારના જિલ્લાઓમાંથી ઘંઉ વાઢવા ખેતી કામ માટે આવેલ મજુરો સલવાયા છે અને તેવોની ચિંતા કરી પ્રાંતિજ-તલોદના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા તથા તાલુકા પ્રમુખ બેચરસિંહ રાઠોડ, તાલુકા સદસ્ય મિલ્કતસિંહ રાઠોડ તથા વિવિધ ગામના સરપંચો દ્વારા આજે સોસીયલ ડિસ્ટન્સ સાથે એકઠાં થઈને આજે પ્રાંતિજ તાલુકા સેવાસદન ખાતે જઈને પ્રાંતિજ-તલોદના પ્રાંન્ત અધિકારી સોનલબા પઢેરીયાને તથા પ્રાંતિજ મામલતદાર એચ.પી. ભગોરાને જિલ્લા બહારથી ખેતી કામ માટે આવેલ ખેતમજૂરોને પોતાના ઘરે મોકલી આપવા માટે લેખિતમાં રજુઆતો કરી હતી અને તેવોને એસટી બસોમાં સરકાર દ્વારા મફત મોકલી આપવા લેખિતમાં રજુઆતો કરી હતી.

# ધાનેરાના બે યુવાન સરકારી કર્મચારીઓને બે ટાઈમ નાસ્તો તેમજ ચા આપી માનવતાનું કાર્ય કરી રહ્યા છે

જ્યારથી દેશને લોકડાઉન કરવામાં આવ્યો છે ત્યારથી વિવિધ સેવા સંસ્થાઓ ગરીબ અને મધ્યમવર્ગના લોકોને જમવાનું પૂરું પાડે છે, તો બીજી તરફ પોલીસ અને આરોગ્ય સ્ટાફ પણ પોતાનો જીવ જોખમમાં મુકી ખડે પગે ફરજ બજાવી રહ્યા છે ત્યારે ધાનેરામાં વિપુલભાઈ જોશી અને નિકેશભાઈ ગૌસ્વામી આ બંને યુવાનો દ્વારા ધાનેરામાં ફરજ બજાવતા પોલીસ સ્ટાફ તેમજ આરોગ્ય કર્મચારીને બંને ટાઈમ ચા નાસ્તો આપી એક માનવતાભર્યુ કાર્ય કરી રહ્યા છે. બંને યુવાનો કોઈની પાસેથી દાન લીધા વગર પોતાના સ્વખર્ચે છેલ્લા એક મહિનાથી પોલીસ અને આરોગ્ય કર્મચારીને નાસ્તો પુરો પાડી રહ્યા છે ત્યારે આ યુવાનોની કામગીરીને ધાનેરાના લોકો પણ આવ્યા છે.



# અરવલ્લીમાં કોરોના પોઝિટીવનો નવો એક પણ કેસ નહિ

### કન્ટેનમેન્ટના ૨૭ ગામોમાં ૪૩,૯૯૭ લોકોનો હાઉસ ટુ હાઉસ સરવે હાથ ધરાયો : આરોગ્યની રેપીડ રીસ્પોન્સની ૨૦૯ ટીમ કાર્યરત : જિલ્લામાં હજુ ૪૩ રીપોર્ટ પેન્ડીગ

અરવલ્લી જિલ્લામાં કોરોના પોઝિટીવના ૧૭ કેસ સામે આવતાં આરોગ્ય વિભાગ દ્વારા સરવે કામગીરી હાથ ધરી પોઝીટીવ દર્દીઓના સંપર્કમાં આવનાર લોકોના આરોગ્યની પણ ચકાસણી કરવામાં આવી રહી છે.

અરવલ્લી જિલ્લાના બાયડના આંબલીયારા ગામે કોરોના પોઝીટીવ કેસ સામે આવ્યા બાદ તા. ૨૨ એપ્રિલના સાંજ સુધી જિલ્લામાં એક પણ નવો કેસ નોંધાયો ન હતો

જિલ્લામાં નોંધાયેલા પોઝિટીવ કેસના કન્ટેઈનમેન્ટ ઝોનમાં આવતા ૨૭ ગામના ૪૩,૯૯૭ લોકોનો સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી જેમાં આરોગ્યની રેપીડ રીસ્પોન્સની ૨૦૯ ટીમો દ્વારા ૪૩,૨૪૮ લોકોનો પ્રાથમિક સરવે પણ કરાઈ ચુક્યો છે. આ લોકોના સંપર્કમાં આવનાર ૨૪૦ પૈકી ૧૫૯ લોકોને હોમ કોરોન્ટાઈન તેમજ ૬૯ વ્યક્તિઓને શેલ્ટર હાઉસ કોરોન્ટાઈન કરાયા છે જયારે ૧૧ લોકોને હોસ્પિટલ ખાતે આઈસોલેશનની સુવિધામાં રાખવમાં આવ્યા છે. તો એક વ્યક્તિને ફેસિલિટી કોરોન્ટાઈન કરાયા છે.

અરવલ્લી જિલ્લામાં અત્યાર સુધી ૩૮૩ સેમ્પલ લેવમાં આવ્યા છે. જે પૈકી ૧૬નો રીપોર્ટ કોરોના પોઝિટીવ આવ્યો હતો. જિલ્લામાં હજુ ૪૩ રીપોર્ટ પેન્ડીગ છે. જિલ્લામાં અત્યાર સુધી મોડાસા શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં સૌથી વધુ સાત કેસ સામે આવ્યા છે. જિલ્લાના ૬ પૈકી પાંચ તાલુકાઓમાં કોરોના પોઝીટીવના ૧૭ કેસ નોંધાયા છે. જિલ્લાના માલપુર તાલુકામાં એક પણ કેસ નોંધાયો નથી એક રાહતના સમાચાર સમાન છે.

## મોડાસા જેસીઝ મિલ્ક કમિટીએ સબજેલના કેદીઓને ઉપયોગી કીટનું વિતરણ

કોરોના વૈશ્વિક મહામારીમાં સમગ્ર વિશ્વ જાણે થંભી ગયું હોય તેવું લાગી રહ્યું છે અનેક સેવાભાવી સંસ્થાઓ જરૂરિયાતમંદ લોકોને સહાય પુરી પાડી રહ્યા છે. મોડાસા શહેરમાં સેવાકીય કાર્યોમાં અગ્રેસર રહેતી મોડાસા જેસીઝ મિલ્ક કમિટીએ મોડાસા સબજેલના કેદીઓને ઉપયોગમાં લેવાતી ચીજ વસ્તુઓની કીટનું વિતરણ કર્યું હતું. સબ જેલમાં સજા કાપી રહેલા કેદીઓ માટે ૧૫૦ કીટ જેલ સુપ્રીટેન્ડેડ જી. જે. જાડેજાને સુપ્રત કરી હતી.

# પ્રાંતિજ ખાતે ભાજપ યુવા મોરચાના યુવાનો દ્વારા વિવિધ વિસ્તારોમાં સેનેટાઈઝ કરવામાં આવ્યા

પ્રાંતિજ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ભાજપ યુવા મોરચા ટીમ દ્વારા પ્રાંતિજના વિવિધ વિસ્તારોને સેનિટાઈઝર કરવામાં આવ્યા હતાં તો જે તે વિસ્તારના કોર્પોરેટરો પણ ઉપસ્થિત રહ્યા હતા.

હાલ કોરોનાની મહામારી વચ્ચે લોકડાઉન જોહર કરવામાં આવ્યું છે તો કોરોનાના વાઈરસથી બચવા માટે પ્રાંતિજ ખાતે ભાજપ યુવા મોરચાની ટીમના યુવાનો આગળ આવ્યા છે અને પ્રાંતિજની વિવિધ સોસાયટી અને વિસ્તારોમાં સેનિટાઈઝરનો છંટકાવ કરવામાં આવી રહ્યા છે. પ્રાંતિજ એપ્રોચરોડ રોડ ઉપર આવેલ હરીઓમ પાર્ક સોસાયટી ખાતે પણ ભાજપ યુવા મોરચાના પ્રમુખ કુશવ બ્રહ્મભટ્ટની આગેવાની હેઠળ નગરપાલિકા વોર્ડ નંબર-૨ના કોર્પોરેટર ધવલભાઈ રાવલ, પૂર્વ ભાજપ શહેર પ્રમુખ વિજયભાઈ પટેલ તથા વિપુલભાઈ ભોઈ સહિતની યુવા મોરચાની ટીમ તથા નગરપાલિકા કોર્પોરેટર ઉપસ્થિત રહ્યાં હતા અને સેનિટાઈઝરનો છંટકાવ કરવામાં આવ્યો હતો.

